# Preface

## પ્રસ્તાવના

ગુજરાતી નાટક અને રંગભૂમિનો ઉત્કર્ષ સાધનાર લેખકોમાં સ્વ. ડાહ્યાભાઇ ધોળશાજીનું સ્થાન અગ્રગણ્ય છે. તેમનાં નાટકોથી ગુજરાતી રંગભૂમિ પર એક નવા જ યુગનું અવતરણ થયું એમ કહીએ તો ખોટું નથી. એ નાટકો સુલભ થયાં ન હોત તો તેમના કાર્યની સમીક્ષા શકય બની ન હોત. સદ્ભાગ્યે ડાહ્યા-ભાઇના જન્મશતાબ્દી મહોત્સવ પ્રસંગે ગુજરાત રાજ્ય સંગીત નાટક નૃત્ય અકાદેમીએ તેમનાં નાટકો પ્રગટ કરવાનું નક્કી કર્યું અને સ્વ. જયંતિ દલાલ ધ્વારા તે નાટકોનું સંપાદન થઇને તેના ત્રણ મણકા આજ સુધીમાં પ્રસિધ્ધ થઇ શકયા એટલે અભ્યાસીઓને એ નાટકો અભ્યાસ માટે સુલભ થઇ શકયાં. વ્યવસાયી રંગભૂમિ પર રજૂ થયેલાં નાટકો આજ લગી પ્રગટ થઇ શકયાં નથી. તેમાં બીજાં જૂજની સાથે ડાહ્યાભાઇનાં નાટકો અપવાદરૂપ છે.

બીજાં એ પ્રકારનાં નાટકોના કરતાં આ નાટકોનું બાંધણી, પાત્રો તથા તખ્તાલાયકીની દ્રષ્ટિએ ઘણું મહત્ત્વ છે, તે આ નિબંધના પ્રકરણો વાંચતાં સમજાશે. લેખન અને ભજવણી બંનેમાં ડાહ્યા-ભાઇએ કેટલીક તદ્દન નવી પ્રણાલિકા સ્થાપી હતી.

સ્વ. ડાહ્યાભાઇની પ્રવૃત્તિ સાથે તે વખતના કેટલાક અગ્રણી સાક્ષરો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા હતા. આથી સ્વ. રણજિતરામ વાવાભાઇ અને સ્વ. આનંદશંકર ધ્રુવ જેવા સાક્ષરોએ તેમનાં જીવનકાર્યની મુલવણી કરતાં પ્રસંગોપાત્ત વક્તવ્યો આપેલાં છે.

પરંતુ ડાહ્યાભાઇનાં નાટકોનો સમગ્ર અભ્યાસ તેમના સમકાલીનોમાંથી કોઇએ કરેલો નથી. સ્વ. જયંતિ દલાલના પિતા ઘેલાભાઇ દોલતરામ દલાલ ડાહ્યાભાઇએ સ્થાપેલી દેશી નાટક કંપનીમાં કામ કરતા હતા. કંપનીની વ્યવસ્થાની ઘણીખરી જવાબદારી ઘેલાભાઇને શિરે હતી. ડાહ્યાભાઇ સાથે ઘેલાભાઇનો સ્નેહસંબંધ જિંદગીપર્યન્ત રહયો હતો. ડાહ્યાભાઇના અવસાન બાદ લગભગ એક વર્ષ તેમણે નાટક કંપનીનું સંચાલન કર્યું હતું. એટલે ઘેલાભાઇ પાસે ડાહ્યાભાઇનાં નાટકો સુરક્ષિત સચવાઇ રહયાં હોય તે સ્વાભાવિક છે. સ્વ. જયંતિ દલાલને ડાહ્યાભાઇનાં નાટકો વિશે કેટલીક મહત્ત્વની માહિતી પણ ઘેલાભાઇ પાસેથી મળી હતી. આ માહિતીને આધારે તેમ પોતાના અભ્યાસ અને અનુભવને બળે જયંતિ દલાલે ડાહ્યાભાઇનાં નાટકોનું સુઘડ સંપાદન પોતાના વિવેચન સહિત આપેલું છે. પોતાના "કાયા લાકડાની, માયા લુગડાની" એ પુસ્તકમાં પણ ડાહ્યાભાઇના જીવન વિશે એક લેખ તેમણે મૂકેલો છે. જન્મશતાબ્દી ઉત્સવ અંગે "કુમાર", "સંસ્કૃતિ" "રુચિ" જેવાં માસિકોમાં આવેલી હકીકતને બાદ કરીએ તો ડાહ્યાભાઇનાં નાટકો વિશે વિસ્તારથી જયંતિ દલાલ સિવાય બીજા કોઇ લેખકે લખ્યું નથી.

મેં આ વિષય પર સંશોધન નિબંધ તૈયાર કરવાનું નક્કી કર્યું ત્યારે ડાહ્યાભાઇનાં નાટકો પ્રસિધ્ધ થયાં નહોતાં. સ્વ. જયંતિ દલાલ પાસેથી નાટકોની હસ્તપ્રતો પ્રથમ વાંચવા મળી હતી. દરમ્યાનમાં નાટકોના ત્રણ સંગ્રહો પ્રસિધ્ધ થયા. પરંતુ ત્યાં ૨૫મી ઓગસ્ટ, ૧૯૭૦ના રોજ જયંતિભાઇનું એકાએક અવસાન થવાથી ચોથા મણકાની યોજના

અટકી ગઇ. ચોથા મણકામાં "મહારાજા ભોજ" (ભોજકુમાર)", "ઉર્વશી અપ્સરા", "તરુણ ભોજ" અને "સતી પાર્વતી" એ ચાર નાટકો સમાવેશ પામવાના હતાં. એ ચારે નાટકોની હસ્તપ્રત મારી પાસે છે. તેને આધારે તે નાટકોનો અભ્યાસ થઇ શકયો છે. "લાક્ષાગૃહ" નાટક ડાહ્યાભાઇ અધૂરું મૂકીને અવસાન પામેલા; તેની હસ્તપ્રત પણ સ્વ. જયંતિભાઈ દલાલના સદ્ભાવથી મને મળી શકી હતી. એમાંથી તેમ જ "સતી પાર્વતી" ની હસ્તપ્રતમાંથી નમૂનારૂપે અહીં બે ખંડો મૂકેલા છે. સ્વ. જયંતિભાઇએ આ કાર્યમાં મને ઉલટપૂર્વક મદદ કરી હતી. તેની કૃતજ્ઞભાવે અહીં નોંધ લઉં છું.

ડાહ્યાભાઇના જમાનાની ભાગ્યે જ કોઇ વ્યકિત આજે હયાત હશે. શ્રી. ગટુલાલ ધ્રુ જન્મ-શતાબ્દી ઉત્સવ પ્રસંગે હાજર હતા પણ તે પછી તરત જ તેમનું અવસાન થયું. ડાહ્યાભાઇની નાટક કંપનીમાં વર્ષો સુધી કામગીરી બજાવનાર બુઝર્ગ નટ લાલજી-ભાઇ નંદાભાઇ દેસાઇ આજે ૮૪ વર્ષની ઉંમરના છે ને હાલ વડોદરામાં રહે છે. તેમની મેં તા. ૨૪ સપ્ટેમ્બર ૧૯૭૦ના રોજ મુલાકાત લીધી હતી. તેને આધારે ડાહ્યાભાઇ વિશે તેમ જ તેમનાં નાટકો અને કંપની વિશે કેટલીક માહિતી મળી છે જેનો ઉપયોગ મેં આ નિબંધમાં કરેલો છે.

ડાહ્યાભાઇનાં નાટકો વિશે અહીં પ્રથમવાર જ સર્વાંગીણ સમીક્ષા કરવાનું થયું છે. એટલે પ્રાથમિક ભૂમિકારૂપે કેટલીક ચર્ચા કરવી પડે છે. વસ્તુ, પાત્ર, ગદ્ય, કવિતા અને ભજવણી વિશે મૂળ

નાટકોને જ આધારરૂપે લઇને અહીં વિવેચન કરેલું છે. વળી ડાહ્યાભાઇના પુરોગામીઓના કાર્યના સંદર્ભમાં તેમની મુલવણી પણ અહીં સૌ પ્રથમ રજૂ થયેલી છે.

આ કાર્યમાં કીંમતી માર્ગદર્શન પૂરું પાડનાર મારા ગુરુ પ્રો. ચંદ્રવદન મહેતાનો આભાર માનવાની તક લઉં છું.

(ભરતકુમાર ધીરુભાઇ ઠાકર)